This Question Paper consists of 13 questions and 9 printed pages.

આ પ્રશ્નપત્રમાં 13 પ્રશ્નોં અને 9 છપાયેલા પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

Code No.
કોડ નં. **54/SS/A/G**

# GUJARATI
## (ગુજરાતી)
## (307)

**Set/સેટ** A

Day and Date of Examination . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .
(પરીક્ષાનો વાર અને તારીખ)

Signature of Invigilators 1. . . . . . . . . . . . . . . . . .
(નિરીક્ષકોની સહી)

2. . . . . . . . . . . . . . . . . .

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.
2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.
3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.
4. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 54/SS/A/G સેટ A લખવી.

# GUJARATI
# (ગુજરાતી)
# (307)

સમય : 3 કલાક ] [ કુલ ગુણ : 100

**નોંધ :** (i) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.

(ii) ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.

(iii) પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

## વિભાગ—1

**1.** નીચેના કાવ્યનું રસાસ્વાદન કરાવો : 4

ખખડ થતી ને ખોડગાતી જતી ડમણી જૂની,
વિજન પથને ચીલી ચાલે તમિસ્ર મહી ઘન,
સ્વપ્ન મધુરી નિદ્રાનું તે. દગો મહીં અંજન
ભરતી, ઘૂઘરી ધોરી કેરી મીઠા રણકારથી
ચરમ પ્રહરે ઠંડી ધીમા સમીર મહીં ભળી.
સ્મૃતિ દુઃખ મને વ્યાપે તેવી બધે પ્રસરી રહી,
લઘુક દીવડે સૂતી સીમા બધી બનતી લહી
સજગ, તમ-ને ઓઢી પાછું જતી પડખું ફરી.
પથ-તરુ તણા નીડે પંખી કયહીં ફરકે અને
કદીક અથવા તારો કોઇ ખરે, બસ એટલું
કળિત બનતું, ત્યાંય ઊંડા મને કરણો સહું
કણકણની આ માટી કેરી કથા નીરખી રહે
જન્મ-સ્થલની ઝાંખી આયુષ્યની અવધે કરું,
ભર્યું જવ હતું તેની યાદે સૂને ઘર સંચરું.

**અથવા**

ત્યાં દૂર થી મંગલ શબ્દ આવતો
શતાબ્દીઓ ચિરશાંત ઘુમ્મટો
ગજાવતો ચેતનમંત્ર આવતો
પ્રકાશના ઘોઘ અમોઘ ઝીલતી
ધપે ધરા નિત્ય પ્રવાસપંથે,
ઝૂમી રહી પાછળ અંધકારની
તૂટી પડે ભેખડ અર્ધ અંગે.

વિરાટ ખોલી નિજ તેજ આંખ
કલ્યાણનો મંગલપંથ દાખવે,
એ મંત્ર ઝીલ્યો જગને કિનારે
એ આજ પાછો ધ્વનિ સ્પષ્ટ ગાજતો
આ યુદ્ધકથા જગને કિનારે.
ગાંધી તણે કાન પડયો, ઉરે સર્યો,
ને ત્યાં થકી વિશ્વ વિશાળ વિસ્તર્યો.

**2.** નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નો ના જવાબ આપો : 4

(ક) 'ઘરભણી' કવિતા નો કેંદ્રવર્તી વિચાર તમારા શબ્દોમાં લખો.

(ખ) 'દામોદર દોશી' અને કમળાશેઠાણી ની સરખામણી કોની સાથે કરી છે? શા માટે?

(ગ) મીરાંબાઈના મતે સાચું ઘરેણું ક્યું? શા માટે?

(ઘ) ગાંધીજીના મતે 'મંગલ' શબ્દ કયો મંત્ર ગજવતો આવે છે? અને તે મંત્રની કામગીરી શી હોઈ શકે?

**3.** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નના એક-બે વાક્યમાં ઉત્તર આપો : 2

(ક) દામોદર દોશી સાથે કોણ-કોણ છે? તેમને માથે વસ્ત્રગાંઠિયો શા માટે છે?

(ખ) મંગલપંથ શબ્દ નો અર્થ સમજાવો.

(ગ) હુંડી સ્વીકારવા માટે શામળશા શેઠનું રૂપ શ્રી કૃષ્ણે શા માટે લીધું? કારણ આપો.

(ઘ) મીરાંબાઈ ઘરેણાં સાચવવા શું કરવાનું કહે છે?

**4.** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નના ઉત્તર આપો : 8

(ક) ગિલાના ડોહ્યા નો વાર્તામાં કેટલી વાર ઉલ્લેખ થયો છે? વાર્તાની ગતિને આગળ વધારવામાં તેમની શી ભૂમિકા છે?

(ખ) એકાંકીમાં રાણી તેની ભત્રિજી અને આ માછલીઓ વચ્ચેનો સંબંધ કઈ રીતે સુઝ્યો હશે? અને રાણી ખારવાઓ ને હૃદયસ્પર્શી રીતે પોતાની વાત કરી શકી એમાં તેની ભત્રીજીને પાકિસ્તાનીઓ પકડી ગયા એ વાત નો શો સંબંધ છે?

(ગ) સુલતાનનાં વ્યક્તિત્વ ના બે શારીરિક અને બે સ્વભાવગત મુખ્ય લક્ષણો નું વર્ણન કરો અને એકાંકી 'દીકરીઓ'માં તેની ભૂમિકા સ્પષ્ટ કરો.

(ઘ) 'ઢોરાં' બંને લઘુકથામાં ના દીકરાનાં ત્રણ સરખાં અને ત્રણ જુદાં સ્વભાવ-લક્ષણો વર્ણવો.

**5.** નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નના એક-બે વાક્યમાં ઉત્તર લખો : 6

(ક) ‘છકડો’ વાર્તા નો આરંભ અને અંત કઈ રીતે મેળ ખાય છે?

(ખ) ‘ઢોરાં’ લઘુકથામાં ‘ગગા’ એ સંબોધન કોને માટે છે? એ ઉચિત જણાય છે? શા માટે?

(ગ) ગિલાનાં લગ્ન અને તેની વહુની વાત વાર્તામાં જરૂરી છે? શા માટે? તેનું અનુમાન કરો.

(ઘ) સૌરાષ્ટ્રી બોલી ના હોય તેવા પાંચ શબ્દોની યાદી આપો.

(ઙ) ગિલા નું પાત્ર તમને શા માટે ગમ્યું? કારણ આપો.

**6.** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા. ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો (નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો) : 10

(ક) ખોડુભાને ભાવનગર જવાનું શા માટે થયું?

(A) હટાણુ કરવા માટે

(B) ભેંસને દવાખાને લઈ જવા માટે

(C) સરપંચો ની મિટિંગ માં ભાગ લેવા

(D) મુખ્ય સંગીતના કાર્યક્રમમાં ભાગ લેવા માટે

(ખ) ‘પુરુષ પુરાણી’ એટલે?

(A) જે પુરાણીનો ધંધો કરે તે

(B) જેની અટક પુરાણી છે તે

(C) જે ઘણા પુરાણા એટલે જૂના છે

(D) ‘પુરાણ’ નામના ગ્રંથોમાં જેમનું વર્ણન છે તે

(ગ) ઘરમાં રાજીમા એકલાં હતાં પણ ઢોર કેટલાં હતાં?

(A) ઘણા બધાં  (B) મોટાં નવ ઢોર

(C) નાનાં ઢોર નવ  (D) નાના-મોટા નવ ઢોર

(ઘ) ‘છકડો’ વાર્તામાં ક્યા ચોઘડિયાની વારંવાર વાત કરવામાં આવી છે?

(A) શુભ  (B) ઉદ્વેગ

(C) ચલ  (D) કાળ

(ઙ) સુલતાન ને રાણીમાં એટલી શ્રાદ્ધ હોવાનું શું કારણ હોઈ શકે?

(A) રાણી તેની પત્ની હતી

(B) રાણી તેની બહેન હતી

(C) રાણી તેની મા હતી

(D) રાણી આદમી (પુરુષ) ને પહોંચે તેવી હતી

(ચ) આપણે ઘડપણ ને 'જીવન સંધ્યા' શા માટે કહીએ છીએ?

(A) ઘડપણ જીવનના અનેક રંગ ખીલતા હોય છે માટે

(B) હવે આથમવાની-પોતાના મૂળ ઘેર જવાની ઘડી આવી માટે

(C) હવે બધુ ખાઈ-પી લેવાનો સમય છે માટે

(D) ઘડપણમાં સૂર્યની જેમ માણસ લાલઘૂમ દેખાય છે માટે

(છ) મીરાંબાઈ ના આરાધ્ય દેવ .................. હતા.

(A) શામળિયો (B) મહાદેવ

(C) મહેશ (D) રામદેવ

(જ) 'વિરાટ' નો વિરોધી શબ્દ જણાવો.

(A) વામન (B) કદાવર

(C) અલ્પ (D) વિશાળ

(ઝ) 'મંગલ' શબ્દ નો અર્થ છે :

(A) શુભ, કલ્યાણ (B) મંગળ ગ્રહ

(C) ઉમંગ (D) વરદાન

(ઞ) રાત્રે પોતાના આશ્રયસ્થાનમાં પ્રાણીમાત્ર શા માટે પાછા ફરે છે?

(A) ખાવા માટે

(B) પોતાના પરિવાર જનો ને મળવા માટે

(C) બહાર રહેવાનું અસુરક્ષિત છે માટે

(D) પોતાના મૂળ આશ્રયસ્થાનમાં આરામ કરી તાજા માજા થવા માટે

## વિભાગ—2

**7.** નીચે આપેલા ફકરાનું એક તૃતીયાંશ સંક્ષેપીકરણ કરો : 10

કુરુક્ષેત્રમાં ધર્મના રક્ષણ માટે, અધર્મીઓનો અને અન્યાયીઓનો નાશ કરવા માટે યુદ્ધ લડાતું હતું. સામે પક્ષે પોતાના સગાંવહાલાંઓ અને મિત્રોને જોઈ અર્જુનને ભારે આઘાત અને ખેદની લાગણી થઈ. તેણે શ્રીકૃષ્ણને કહ્યું કે હે સખા, આંખમાં કણાની જેમ ખૂંચતા અને સતત પીડા આપતા કૌરવોની સાથે તો મારા કાકાઓ, મામાઓ, પિતામહો, ગુરુઓ, બાંધવો અને મિત્રો પણ છે. એ બધાંને યુદ્ધમાં મારવાના છે. તે વિચારે મને શરીરે પરસેવો વળે છે, મારુ મોં સુકાય છે અને મારાં બધાં અંગો ધ્રૂજે છે. મારે તો આવું યુદ્ધ કરવું નથી. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે હે મૂર્ખ, તું કર્ત્તવ્ય શું છે તે મૂંઝવણમાં પડયો છે. તું પંડિતો જેવાં વચનો બોલે છે પણ કાયરની પેઠે આચાર કરે છે. આ આચાર તને શંકા-કુશંકાના બે પર્વતના બહુ ઊંચા શિખરોની ઊંડી જગ્યામાં ધકેલી દેશે. તું મનુ ભગવાનના વંશમાં જન્મેલો હોવા છતાં તે તને આ જગતમાં મળવો મુશ્કેલ એવો, જેની જગતમાં જોડ મળી શકે નહી તેવો માનવ-જન્મ મળ્યો છે છતાં તું આવું મૂર્ખાઈ ભરેલું ભાષણ કરીને પોતાની જાતને છેતરે છે. આ જગત તો જ્યાં મુસાફરો-સતત આવે, રાત

રોકાય અને સવારે ચાલ્યા જાય તેવી જગ્યા છે. આ જીવન તો ઈશ્વરે તને એ પાછું ન માંગે ત્યાં સુધી સાચવી રાખવા માટે સોંપેલું છે. તું જેમને જીવતા જાણે છે અને જુએ છે તેઓ તો અવશ્ય મરેલા જ છે. એ તારી આંખ આગળ સ્પષ્ટ દેખાય એવી બાબત તું જોઈ શકતો નથી. તું દરેક વસ્તુમાં સારું પરિણામ જોનાર બને અને તે દષ્ટિ જ જીવનને પુષ્ટ કરે એવું ઉત્તમ ઔષધ છે એ જાણ. તું તારા કર્ત્તવ્યમાં નિષ્ઠાવાળો બન અને યુદ્ધ કર.

**અથવા**

સ્ત્રી અને પુરુષ આ મુસાફરી જેવા જીવનમાં એક સાથે મુસાફરી કરતાં માણસો છે. ગીત ગાનાર અને વાંજિત્રો વગાડનારમાં જો સુમેળ ન હોય તો એ લયબદ્ધ, તાલબદ્ધ અને કર્ણપ્રિય હોતું નથી, એમ પતિ અને પત્નીમાં સુમેળ ન હોય તો જીવન સંવાદી હોતું નથી. બંનેની પાસે બંને જણાં વર્તન અને વ્યવહારની બાબતમાં તદ્દન ચોખ્ખાપણું ઇચ્છે છે. પરંતુ જો પતિ પત્નીને વફાદાર રહેવા તૈયાર ન હોય તો પત્ની પણ કંઈ પતિ ને વફાદાર રહેવા બંધાયેલી નથી. જગતનો નિયમ છે કે કોઈ વ્યક્તિ જે રીતે વર્તે એ જ રીતે તે જોઈને બીજી વ્યક્તિ પણ વર્તતી હોય છે. પત્નીનું મૃત્યુ તથાં જો પતિ તેની સાથે બળી મરતો નથી તો પતિનું મૃત્યુ થતાં પતિની સાથે એ ચિતામાં પત્ની બળી મરે એવી યુગોથી ચાલતી આવતી આ સમાજની પરંપરા ખરે જ પાગલપણું છે. અલબત્ત પતિ અને પત્ની પોતપોતાની ઇચ્છા પ્રમાણે સ્વચ્છંદ આચરણ કરનારાં ન બને પણ પોતાના પગ ઉપર ઊભાં રહેનારાં અને સામાના આચાર વિચારને યોગ્ય આદરથી સ્વીકારનારાં બને. આમ નથી થતું તેથી જ પતિ અને પત્નીના જીવનમાં નાની વાતોને બહુ મોટું રૂપ આપી મોટા ઝઘડા અને સંઘર્ષો થાય છે.

## વિભાગ—3

**8.** નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોનાં જવાબ આપો : 16

(ક) પ્રમોદબા ના સ્વભાવ ઘડતરમાં કઈ બાબતે અગત્યની ભૂમિકા ભજવી?

(ખ) 'દીવો નો બુઝે'માં બાની સ્ત્રી–પુરુષ વિશે કેવી માન્યતા હતી? અને બા ને હંમેશા પહેલું જ સ્થાન કેમ મળ્યું?

(ગ) મામા ન મનમાં બા વિશે કેવી છાપ હતી? અને બાની પૈસા વાપરવાની આવડતને કારણે લોકો કેવી અટકળો કરતાં?

(ઘ) કોણ જીવનના આનંદનો થનગનાટ અને સંવાદિતતાનો ધીમો છતાં તાલબદ્ધ લય માણી શકે છે?

(ઙ) માનવ સંસ્કૃતિના વિકાસમાં બા નો ફાળો જરાય ઓછો નથી એવું લેખક શા માટે માને છે?

(ચ) પ્રમોદબા સ્વતંત્રીને જીવવા માટે આવેલી બે તકને શા માટે જવા દીધી? એમાં બા ની મૂર્ખામી હતી કે દીર્ઘ દષ્ટિ?

**9.** નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નના એક-બે વાક્યમાં ઉત્તર આપો : 6

(ક) બા ને કઈ વાતમાં દઢ વિશ્વાસ હતો?

(ખ) કોઈ સગા વ્હાલાં હોસ્પિટલમાં હોય ત્યારે થતી સેવા અને મૈત્રી-વ્યવહારો ને શા માટે ઓછાં કરી નાખ્યાં?

(ગ) પૈસા ના ખર્ચ વિશે લેખક ની દઢ-માન્યતા શી હતી? તે કેટલી યોગ્ય ગણાય?

(ઘ) પિયરમાં થી ન થતાં વ્યવહારો માટે બા ને ક્યારે લાગી આવતું?

(ઙ) બાપુજી કરતાં લેખકને બા માટે વધુ આદર હોવાનાં ક્યા કારણો છે?

**10.** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા. ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો (નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો) : 10

(ક) પ્રમોદના માં બાપ નો સંસાર કેવો હતો?

(A) સુખ શાંતિપૂર્વક નો (B) સમૃદ્ધ

(C) કકળાટ ભર્યો (D) આનંદપૂર્ણ

(ખ) બાએ ખાદી ને તિલાંજલી કેમ આપી?

(A) ફેશન ના કારણે (B) મોજશોખને કારણે

(C) સામાજિક મોભાને કારણે (D) કરકસરને કારણે

(ગ) લેખક અને તેમના બધા ભાઈ-બહેનો ની ગણના વિવેકી, નમ્ર કહ્યાગરા છોકરાઓ તરીકે થતી હતી કારણ કે...........

(A) તેઓ બા અને વડીલોનું કહ્યું બધું જ માનતા.

(B) તેઓ બધાની સામે સારા બની જતા.

(C) તેઓ તોફાની હતાં પણ હોશિયાર હતા.

(D) તેઓ ઘર ની બહાર જ તોફાન અને કંકાસ કરતા.

(ઘ) બા કોને ત્રીજો ભાઈ ગણતાં?

(A) મસ્તક (B) ત્રેવડ

(C) કરકસર (D) ચીવટ

(ઙ) લેખક ઘરમાં કેવા પુસ્તકો વસાવાતાં?

(A) નરસિંહના ભજનો ના

(B) મીરાં ના ભજનો ના

(C) પાંડિચેરીનો ઇતિહાસ અને શ્રી અરવિંદની ભક્તિ ના

(D) રાષ્ટ્રભક્તિ, હરિજન ઉદ્ધાર, રેટિયા ના પ્રચારને લગતાં

(ચ) દસમા ધોરણ સુધી લેખકની શું બનવાની ઇચ્છા હતી?

(A) એન્જિનિયર (B) લેખક

(C) ડૉક્ટર (D) લેંઘો-ઝભ્ભો

(છ) સામાન્ય રીતે લેખક કેવાં-કેવાં કપડાં પહેરતા?

(A) સૂટબૂટ (B) પેન્ટ-શર્ટ

(C) જીન્સ-ટીશર્ટ (D) લેંઘો-ઝભ્ભો

(જ) મામાની હાલત માટે બા કોને જવાબદાર માનતાં?

(A) મામી ને (B) મા ને

(C) દાદીમા ને (D) દાદાજી ને

(ઝ) માંદા માણસની ચાકરી માટે સૌથી અગત્યનો ગુણ કયો ગણાય?

(A) આયોજન (B) વ્યવસ્થા શક્તિ

(C) નેતૃત્વનો ગુણ (D) પોતાની સંડોવણી

(ઞ) પ્રાણી જગતમાં બાળ-ઉછેરનું કામ સામાન્યરીતે સ્ત્રી સંભાળે છે કેમ?

(A) કારણ કે તે તેને વધારે ચાહે છે.

(B) કારણ કે તે તેને જન્મ આપે છે.

(C) કારણ કે પુરુષને બાળ-ઉછેર આવડે નહીં

(D) કારણ કે સ્ત્રી ઘરમાં રહે છે.

## વિભાગ—4

**11.** નીચેનામાંથી કોઈપણ **એક** વિષય પર ચારસો શબ્દોમાં નિબંધ લખો : 7

(ક) તમારો યાદગાર પ્રવાસ

(ખ) ભ્રષ્ટાચાર એજ શિષ્ટાચાર

(ગ) આતંકવાદ અને વિશ્વ-શાન્તિ

(ઘ) પર્યાવરણની સમસ્યા

**12.** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા નોટબંદી અર્થે લીધેલ પગલાંનો અહેવાલ તૈયાર કરો. 7

**અથવા**

તમારા વિસ્તારમાં યોજાયેલ રક્તદાન શિબિર નો અહેવાલ તૈયાર કરો.

**13.** સૂચના પ્રમાણે ઉત્તર આપો : 10

(ક) ભારતીય સંસ્કૃતિ વિશ્વ પ્રસિદ્ધ છે. (વાક્યમાંથી અંગસાધક પ્રત્યય ઓળખાવો) 1

(ખ) શાક ભાજી, કાર્યકુશળ, ચરણ કમળ, ત્રિભુવન (કોઈપણ બે શબ્દના સમાસ ઓળખાવો) 2

(ગ) મૂછે તાવ દેવો, ભાર હળવો કરવો (રૂઢિ પ્રયોગનો અર્થ આપો) 1

(ઘ) બા <u>કરકસરથી</u> ઘર ચલાવતી (રેખાંકિત શબ્દ ની વિભક્તિ ઓળખાવો) 1

(ઙ) ગાંધીજીએ કહ્યું કે તેઓ સો વર્ષનું કામ પચાસ વર્ષમાં કરી ગયા. (ઉપરોક્ત વાક્યમાં સંયોજક ઓળખાવો) 1

(ચ) નાનપણમાં એમની બન્ને મા અવસાન પામેલાં. (વાક્યમાં ક્રિયા સૂચવાય છે કે પ્રક્રિયા) 1

(છ) હું તમને પૈસા સમયસર નહી આપી શકું. (વાક્ય કર્તરિ છે કે કર્મિણી તે ઓળખાવો) 1

(જ) 'જલદી ડૉક્ટરને બોલાવો' (વાક્યનો પ્રકાર જણાવો) 1

(ઝ) ગાડી સવારે પાંચ વાગ્યે અમદાવાદ પહોંચશે. (વાક્યમાં વિશેષણ/ક્રિયા વિશેષણ ઓળખાવો) 1

★ ★ ★